# અંબા



બાલમિત્રો, તમે શાળાએ જાઓ છો. વર્ગમાં ગુરુજી ભણાવે તે ભણો છો પરંતુ તમારામાંના કેટલા વર્ગમાં શીખવાતી સારી સારી વાતોને જીવનમાં ઉતારે છે ? ગુરુજી દ્વારા કહેવામાં આવતી સારી સારી વાતો જીવનમાં ઊતરે તો આપણું જીવન સુંદર બની જાય. તો ચાલો, આવી જ એક વાર્તા અહીં જોઈએ...

એક દિવસ અંબા વહેલી વહેલી ઊઠી. વહેલાં વહેલાં દાતણપાણી પતાવ્યું, વહેલી વહેલી નાહી અને શેરીનાં સ્ત્રીઓ કથા સાંભળવા જતી હતી તેમની સાથે મંદિરમાં ગઈ. આ ફેરફારથી મહેતાને ભારે આશ્ચર્ય તો થયું પણ અંબાની આજે આવી ધૂન આવી હશે એમ સમજીને મહેતાએ મન વાળ્યું.

અંબા મંદિરમાં ગઈ તો ગઈ, પણ તરસી જમીન પર વરસાદ પડે અને એકેએક છાંટો જમીનમાં ઊતરી જાય તેમ કથાના શબ્દે શબ્દ અંબાના હૈયા સોંસરવો ઊતરી ગયો. અંબા કથા સાંભળીને ઘેર આવી. કથાના શબ્દો અને ભાવ તેના હૃદયમાં ઘૂંટાતા હતા.

બપોર એમ જ ગયા. સાંજ એમ જ ગઈ. રાત પણ એમ જ વીતી. પણ અંબાનું અંતર બદલાઈ ગયું.

બીજા દિવસે સવારે અંબા ચાર વાગે ઊઠી. ઊઠીને તેણે ઘર સાફ કર્યું. ચૂલો સળગાવ્યો. દાતણપાણીથી પરવારીને નાહી લીધું અને મહેતા ઊઠે તે પહેલાં તેમને માટે ઓટલા પર આસન પાથરી. દાતણ, લોટો તથા રૂમાલ મૂકી દીધાં.

મહેતા ઊઠયાને સાવરણી શોધવા લાગ્યા ત્યાં તો અંબા બોલી : 'મેં સંજવારી કાઢી છે. તમે તમારે દાતણ કરવા બેસો. જૂઓ, મેં ઓટલે આસન પાથર્યું છે.'

મહેતા તો બિચારા વિચારમાં પડી ગયા ! ચાલીશ વર્ષ સુધી જે સ્વપ્ને પણ જોયું નથી એવું આ શું દેખાય છે ? શું આ અંબા બોલે છે ? મહેતા તો ચોરીમાંથી ઊઠયા તે દિવસથી આજ સુધી ઘાણીના બળદની માફક બિચારા એક જ ઢબે જીવ્યા છે તેમને વળી આ શું આવ્યું ? મનમાં શંકા પણ ડોકિયું કરી ગઈ : રખેને કોઈ સાથે અંબા ચાલી જવાની હોય એટલે મને મારી નાખવાની ગોઠવણ હોય !

મહેતા તો દાતણ કરી પરવાર્યા એટલે અંબાએ તેમને માટે નાસ્તો તૈયાર કર્યો હતો તે ધર્યો અને પછી સ્નાન માટે પાણી આપ્યું. દરમિયાન અંબાએ રસોડામાં રસોઈની તૈયારી કરી લીધી અને ઘરનું કોઠાર સાફસુફ કરવા લાગી.

સવારના નવ વાગ્યા. જુવાન વહુદિકારીઓ પાણી ભરવા નીકળી અને જુએ છે તો ઓટલા પર અંબા ન મળે. ‘અરે હજી ભલી હશે તો ઊઠી જ નહિ હોય.’ છોકરાં સૌ અંબામાશી પાસે રમવા આવ્યાં. પણ અંબામાશી વિનાનો ઓટલો સૂનો ! કથા સાંભળનારી બહેનો કથા સાંભળવા નીકળી ત્યારે સાદ કર્યો : ‘એ અંબા, કથા સાંભળવા આવવું હોય તો ચાલ, અમે સૌ જઈએ છીએ.’

અંબાએ રસોડામાંથી જવાબ વાળ્યો : ‘મારે નથી આવવું. તમે તમારે જાઓ.’

‘બસ થાકી ગઈ ? ઢેલના પગ બે દિવસ જ રાતા !’ એક બાઈએ મહેણું માર્યું.

‘જીવીકાકી, એવું ન બોલો. મેં કાલે કથા સાંભળી છે. એ પ્રમાણે ચાલતાં હું છ માસ સુધી કથા સાંભળવા નવરી થવાની નથી, એટલે નથી આવતી. કાલે સાંભળ્યું છે એટલું જીવનમાં ઉતારીશ, પછી વધારે સાંભળવા આવીશ. સમજ્યાં ?’

‘અરે બાઈ, અંબા ! તું તો ગાંડી જ રહી. એમ સાંભળીએ એ બધું જ જીવનમાં ઉતારવાનું છે શું ? મહારાજ કથા વાંચે તેમને દક્ષિણા આપીએ અને શંકરનાં દર્શન કરીએ એટલે બધું આવી ગયું. જીવતર-બીવતરની વાતો કરીએ તો તો દુનિયા ગાંડી કહે. દુનિયામાં રહેવું હોય તો કથા ય સાંભળવી અને વહેવાર પણ સાચવવો. ચાલને ભલી બાઈ, એ તો મહેતા બધુ સંભાળશે.’

કાશીબાઈએ ઘણો આગ્રહ કર્યો પણ અંબા એકની બે ન થઈ.

મહેતા ઘરમાં બેઠા બેઠા આ બધું સાંભળતા હતા એટલે તેમના મનનું સમાધાન થયું કોણ કહે કે અંબા ફૂવડ છે ?

લેખક : નાનાભાઈ ભટ્ટ